મહાત્મા ગાંધી ને ઇંગ્રેજ બેરીસ્ટર.

(મનન કરવા લાયક સંવાદ)

પ્રકાશક,

ડાહ્યાભાઇ બાબરભાઇ પટેલ.

રત્નદીપક ઓફિસ—નડીઆદ.

પ્રત ૪૦૦૦. આવૃતી ૧ લી.

ઈ. સ. ૧૯૨૧ વિ. સં. ૧૯૭૭

ધી ભારત આર્ટ પ્રીન્ટીંગ વર્કસ લીમીટેડમાં

કનૈયાલાલ મણીલાલ જાનીએ

પાંચ કુવા દરવાજા પાસે કોટમાં —ચ

કિં. રૂ. ૦—૦—૬ પાઈ.

'ગુરખા' ઉપર વાતચીત

સ્ટીમર 'ગુરખા' ઊપર થએલી એક સુંદર વાતચીતનો સાર આપવાનોજ આ બુકનો હેતુ છે. સુમારે સાતેક વાગે સાંજે નારાયણગંજથી અમે પાછા ફરતા હતા તે સ્ટીમરમાં ગાંધીજીની શાંતિમાં બે અપરિચિત મિત્રોએ ભંગ-મધુરો, મનોનુકૂલ ભંગ કર્યો. બંન્ને સજ્જનો બેરીસ્ટરો હતા, એક એક અંગ્રેજ ને એક હિંદી હતા, બંન્નેનો ધંધો ધીકતો ચાલતો હશે એમ તેમની વાતચીત ઉપરથી લાગતું હતું. બંન્નેની વાતોમાં વિનયની મણા નહતી, અને કેવળ જીજ્ઞાસાથીજ રાઇને તેઓ ગાંધીજીની સાથે વાતો કરવા આવ્યા હતા.

'દી ભાઇએ પૂછ્યું—ત્યારે અસહકારનો તાત્કાલિક હેતુ તો અન્યાયની સામે વિરોધ કરવો એજ છે ને?

ીજી—ના, વિરોધ નહીં, શુદ્ધિકરણ, અમારા પોતાના શુદ્ધિકરણ વડે સામાનું શુદ્ધિકરણ.

'જ ભાઇ—અને પાપનો સંગ ત્યાગ?

—બરોબર પાપનો સંગત્યાગ.

ાઇ—ત્યારે શું તમે આવું શુદ્ધિકરણ કાંઇ ઉપજાવી શક્યા છો એમ તમને લાગે છે?

આજે દેશમાં પર્યટન કરી રહ્યો છું તેમાં લોનો નિગ્રહ સ્વાશ્રય શીખતા જોઇને હું તો શ્ચર્યચકિત થઈ રહ્યો છું ોડુતવર્ગમાં પણ બંન્ને વસ્તુ ખીલી રહી છે. અને બ્રિટિશ લદારો પણ આની અસરથી અસ્પૃષ્ટ છે

એમ મને નથી લાગ્યું. તેઓનાં મન પણ સ્વચ્છ થતાં જાય છે.

અંગ્રેજ ભાઇ—આ શુદ્ધિકરણ ઉત્પન્ન કરી અંગ્રેજ પાસે તમે શું કરાવવા માગો છો? અંગ્રેજના વર્તનમાં શો ફેર ઇચ્છો છો?

ગાંધીજી—હું દરેક અંગ્રેજ દરેક હિંદીને સરખો સમજતો થાય એવી સ્થિતિ ઉત્પન્ન કરવા ઇચ્છું છું. અંગ્રેજ અભિમાનના શિખરે ચડીને વાતો કરે છે તેને હું નીચે ઉતારી હીંદના સામાન્યમાં સામાન્યમાં મજૂરને પણ પોતાના સરખો માનતો કરવા માગું છું. કોઇપણ વ્યવહારમાં તે હીંદીની અવગણના ન કરે, સર્વે વ્યવહારમાં તેને તે પોતાનો સરખો ભાગીદાર સમજે, એવી સ્થિતિ હું ઉપજાવવા માગું છું. બીજી કોઇ પણ શરતે હીંદમાં તેને સ્થાન નથી. અંગ્રેજ અને હીંદી બંનેનાં આ સરખાપણાના ભાગનો અનુભવ થાય સાક્ષાત્કાર થાય–એટલે લાગલુંજ મારા દેશને સ્વાતંત્ર્ય મળ્યું એમ સમજવું. અને આ પરિણામ લાવવા માટે પ્રતિષ્ઠા અને ઇજ્જતની જે જૂઠી પ્રતિમાપુજા ચાલુ છે તેનો નાશ થયો એટલે બસ છે. આજે જ્યાં જોઇશે ત્યાં શું જોવાનું મળે છે? અંગ્રેજથી ડરતા હીંદીઓ–પોતાના વિચારને બીજાથી સંતાડતા હીંદીઓ આના કરતાં વધારે અવનતિ જનક દૃશ્ય બીજું શું હોઇ શકે?

અંગ્રેજ ભાઇ—તમે કહો છો કે દરેક અંગ્રેજ હીંદીમજૂરને પણ પોતાના સરખો સમજે એ વધારો પડતું નથી ? દરેક હીંદી ગૃહસ્થ શું મજૂરને પોતાના સરખા સમજે છે ? તમે એટલું માગો તો ત વાજબી છે કે દરેક અંગ્રેજ બીજા અંગ્રેજ તરફ વર્તે છે તેની રીતે હીંદી તરફ વર્તે. તે રીતે અંગ્રેજ હીંદી મજૂર તરફ પણ વર્તે.

ગાંધીજી—વાહ એતો તમે મારા કરતાં પણ સુંદર ભાષા વાપરી દીધી. મારૂં કહેવાનું તાત્પર્ય એજ ગુન્હેગારો માટે શું માગીએ છીએ ?

હીંદી ભાઈ—ત્યારે અત્યાચારી સરકાર સાથે અસહકારનો તાત્કાલીક હેતુ પણ આપણા શુદ્ધિકરણ જ છે ? પછી શુદ્ધિકરણથી બીજા ઐહિક લાભ પ્રાપ્ત થાય યા ન થાય એની ચિંતા નહીં ?

ગાંધીજી—અમારી શુદ્ધ તપસ્યા પૂરી થશે એથી ઐહિક લાભો તો એની મેળેજ અંદરથી ફલિત થવાન દાખલા તરીકે પંજાબના અત્યાચાર વિષે કં કરવાપણું રહેશે નહીં. પંજાબના એકપણ ગુન્હેગારને પછી હિંદુસ્તાનમાં ઉભા રહેલાનું સ્થાન ન હશે એટલુંજ નહીં, પણ કોઇપણ ગુન્હેગારનો પગાર કે પેન્શન તો આપણી તીજોરીમાંથી આપી શકાશેજ નહીં.

અંગ્રેજ ભાઈ—ત્યારે સજા શું અંગ્રેજને માટે રાખી છે. હિંદીઓ સામાન્ય વર્ગમાંના હિંદીઓ એ પણ ગુન્હા

તો કર્યા હતા; તેમનું શું ?

ગાંધીજી—આ સવાલ આશ્ચર્યકારક છે અમારા ગુન્હા કરતાં અમને હજાર દરજ્જે વધારે સજા મળી ચુકી છે. હું ખાત્રીપૂર્વક કહું છું કે જેણે ગુન્હા કર્યા હતા તે તો સજા પામ્યા એટલુંજ નહિ પણ બિનગુન્હેગાર પણ સેંકરો માર્યા ગયા છે નિર્દોષ માણસોને જેલ જવું પડયું છે. બચ્ચાંઓને પણ સહન કરવું પડયું છે. નિર્દોષ ઓરતોનું અપમાન થયું છે. જલિયાંવાલાની કતલ પણ બિનગુનેહગારોની હતી. આથી વધારે સજા કઈ હોઈ શકે ? પણ મેં ઇંગ્રેજી અમલદારોની સજાની તો વાતો નથી કરી. તેઓને હજુ હિંદુસ્તાનના પૈસા ન મળ્યા કરે; ઈલકાબ તેઓ ન રાખે, હોદ્દા ન રાખે, એટલીજ વાત કરી છે. તેઓની સજા તો તેમાંના કેટલાકને તો ફાંસીનીજ હોય. એને મારા ધર્મમાં સ્થાન નથી. હિંદુસ્તાન શું માગે તે હું જાણતો નથી.

આજ પ્રસંગે મને એક વાત યાદ આવે છે. મી. એન્ડરૂઝે 'જલીયાંવાલા બાગની કતલને 'ગ્લેંકોની કતલ' ની સાથે સરખાવી ત્યારે તરતજ મેં તો 'યંગ ઇન્ડીઆ' માં ગ્લેન્કોની કતલનું વર્ણન પણ પ્રગટ કર્યું :—મી. એન્ડરૂઝના મનમાં જલીયાંવાલાના ઘાતકીપણા વિષે કેટલી ઘૃણા હશે તે દર્શાવવા માટે જ મેં એ છાપ્યું,

પણ મને ફરી વાંચી ગયા પછી લાગ્યું કે એન્ડરૂઝે કાંઈક અન્યાય કર્યો છે અને મને તે વિષે બહુ દુઃખ થયું. હું પ્રિન્સિપાલ રૂદ્રને મળ્યો, તેમની સાથે વાતચીત થઈ, અને તેમનો વિચાર પણ મારા જેવોજ હતો. પણ આજે મને મી. એન્ડરૂઝની સરખામણીની યથાર્થતાનો ખ્યાલ આવે છે. ગ્લેંકોની કતલના કરતાં પણ જલીયાંવાલાની કતલ વધારે બૂરી, વધારે નિંદ્ય હતી એમ મને હવે લાગે છે—કારણ ગ્લેંકોના કાળના ને આજના કાળના સુધારામાં તો આસમાન જમીનનું અંતર છે.

હિંદી ભાઈ—સરકારે ધર્મની ઉપર હુમલો કર્યો છે એમ તમે કેમ કહો છો ? સરકાર તો વિજયી મિત્રરાજ્યોના મોટા મંડળમાં એક હિસ્સેદાર જ છે

ગાંધીજી—તમારા જેવાના મ્હોમાંથી છેક આજની ઘડીએ આવો સવાલ નીકળે છે તે જોઇને હું ચકિત થાઉં છું. તુરકીનો નાશ યોજવામાં ઇંગ્લાંડનો મુખ્ય ભાગ છે. મુખ્ય પ્રધાનને હાથનાં કર્યા હૈયે વાગે છે. તેણે નૉનકનફૉર્મીસ્ટ કૉન્શ્યન્સને છોડી હશે એને સંતોષવા ખાતર તેને વચનભંગ કરવો પડ્યો છે ને તેથી તેમણે મુસલમાનોનાં દિલને જખમ કર્યો છે.

ચાલુ શિક્ષણપ્રથા.

હિંદી ભાઈ—ત્યારે શું પ્રચલિત શિક્ષણપ્રથા ખોટી છે ?

ગાંધીજી—આ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. છતાં તેનો જવાબ આપવાને મને અડચણ નથી. હું કહું છું કે 'હા તે ખોટી વાત છે.' કેળવણીનું વાહન ઇંગ્રેજી હોવાથી વિદ્યાર્થીના મગજ ઉપર બોજો મૂકાયો છે. હું તો મારા વિચારો તમને શું કહું ? પ્રોફેસર જદુનાથ સરકાર જેવા કહે છે કે આ પરદેશી વાહનની પ્રથાથી કેળવાએલા વર્ગનાં મગજ નિર્વીર્ય થઇ ગયાં છે. કલ્પના શક્તિ કે સૃજનશક્તિ જ આપણામાંથી કેવળ નષ્ટ થઈ છે. આપણો સમય બધો પારકી ભાષાના ઉચ્ચારો યાદ રાખવામાં વ્યતીત થાય છે એ કામ જ એક વેઠ જેવું છે અને પરિણામ આવ્યું છે કે આપણે યુરોપીય સુધારાના શાહીચુસ બન્યા છીએ. તેમાંથી સરસ વસ્તુ લેવાને બદલે તેના ક્ષુલ્લક અનુકરણ રૂપ બન્યા છીએ. બીજું પરિણામ એ આવ્યું છે કે આપણી સામાન્ય વર્ગની વચ્ચે મોટું દરિયા જેવડું અંતર પડી ગયું છે. આપણે તેઓ સમજે તેવી ભાષામા તેમને રાજકીય વિષય તો શું પણ શરીરસ્વાસ્થ્ય અને જનસુખાકારીનાં તત્ત્વો પણ નથી સમજાવી શકતા. આ જમાનામાં અસલના બ્રાહ્મણો જેવા બૂરા આપણે

બની ગયા છીએ. બલ્કે તેમના કરતાં વધારે ખરાબ; કારણ તેમનાં અંતર મલિન ન હતાં; તેઓ રાષ્ટ્રની સભ્યતાના 'ટ્રસ્ટી' રૂપ હતા. આપણે તો તેયે નથી રહ્યા. આપણે તો આપણી કેળવણીનો અયોગ્ય ઉપયોગ કરી રહ્યા છીએ, અને સામાન્ય વર્ગના તો જાણે મુરબ્બીઓ હોઇએ એવું વર્તન રાખી રહ્યા છીએ. તમે મારી સામે આ બાબતમાં મારી ઉલટતપાસ કરો એમ હું ઈચ્છુ છું, પણ એટલું કહી લઉં કે આ વિચારો મારા આજના નથી પણ અનેક વર્ષનાં અનુભવ ફળ રૂપ છે.

અંગ્રેજ ભાઈ—આ દિશામાં અમે વિચારજ નથી કર્યો, એટલે તો આના ઉપર અમે વિચાર કરીશું એટલુંજ કહી શકીએ.

ગાંધીજી—એ બરોબર છે. એક વાત કહેવી ભૂલી ગયો આ પ્રથાથી અમારો ત્યાગ હણાયો છે એ તો મેં કહ્યું નહીં. તમે અધાર્મિક કેળવણીનીજ પૂજા કરતા આવ્યા છો એટલે હિંદુઓને ધાર્મિક કેળવણી કશી મળી શકી નથી. ઈંગ્લાંડમાં તો આ દુષ્પરિણામ છેક નથી આવ્યું. ત્યાં તો ધર્મગુરૂઓ કાંઇક ધર્મશિક્ષણ આપવાનો પ્રબંધ કરી લે છે.

હિંદી ભાઈ—ખરી વાત તો એ છેકે લુટેલા ધનથી તમે તમારાં બાળકોને કેળવણી નથી આપવા માગતા; નહિ ?

ગાંધીજી—હા, લુટેલા ધનમાંથીજ નહીં, પણ લુટ કરનારાઓના વાવટા નીચે પણ નહીં. મેં કહ્યું કે જે સરકારના તરફ અમને બીલકુલ નિષ્ઠા રહી નથી પ્રેમ રહ્યો નથી તે સરકારના હાથ નીચે ચાલતી શાળાની સાથે આપણે લેવા દેવા ન હોવી જોઈએ, હું તમને એક સાદી વાત કહું. એક વખત એવો હતો કે હું પોતે (જીવો બહુ વર્ષ મહારાજા) અતિશય ઉમંગથી લલકારતો, એટલુંજ નહિ પણ મારા અંગ્રેજી નહિ જાણનાર છોકરાઓને પણ એ ગીત મેં કંઠે કરાવ્યું હતું, હું આફ્રિકાથી રાજકોટ આવ્યો ત્યારે ટ્રેનિંગ કોલેજના વિદ્યાર્થીઓને પણ આ ગીત મેં શીખવાડયું–કારણ હું સમજતો કે સાચા રાજનિષ્ઠ માણસને તો એ ગીત આવડવુંજ જોઇએ. પણ આજે શી સ્થિતિ છે? હું એ ગીત મારા હૃદય ઉપર હાથ મૂકી આજે નજ ગાઇ શકું, તેમ કોઈને ગાવાનું ન કહી શકું. રાજા જ્યોર્જ એક સજ્જન તરીકે ઘણું જીવો એમ હું કહું; પણ મનુષ્ય અને દેવની આગળ અધમ બનેલું સામ્રાજ્ય તો ક્ષણમાત્ર પણ વધુ જીવો એમ હું નથી ગાઇ શકતો.

હિંદી ભાઈ— તમે કહી ગયા કે શીખવવાની પ્રથા કેવી છે તેની તમને દરકાર નથી.

ગાંધીજી—હા, સાચું.

યુનીવર્સિટીઓ પાસે શું માગું છું?

હિંદી ભાઈ—આપણી યુનિવર્સિટીઓ તો હિંદીઓ ચલાવે છે—તેની policy ઘડનારા પણ હિંદીઓ હોય છે.

ગાંધીજી—હા, સાચી વાત. યુનિવર્સિટીવાળાઓ મ્હારૂં સાંભળે તો તેમને હું એમજ કહું કે તમે તમારા 'ચાર્ટર' ફાડી નાંખો; અને પછી તે મારીજ છે એમ હું કહું. સરકારની પાસેથી મળતા પૈસા બંધ થશે એમ તેઓ કહે તો હું તેને બાંહેધરી આપવાને તૈયાર છું કે પૈસા હું લાવી આપીશ. માત્ર તમારી યુનિવર્સિટીઓને રાષ્ટ્રીય બનાવો એટલુંજ કહી રહ્યો છું. પંડિતજીને પણ મેં શું કહ્યું? 'વાઈસરૉયને ચાર્ટર પાછો આપી દો, અને મહારાજાઓને પૈસા પાછા જોઈતા હોય તો તેમના પૈસા પણ પાછા આપી દો. પૈસા ઘટશે તેની ભિક્ષા માંગીશું. તમે મહારાજાઓની પાસે ભીખ માગવાની અનનુકરણીય શક્તિ ધરાવો છો તો હું સામાન્ય વર્ગ પાસે ભીખ માગવાની થોડી શક્તિ ધરાવું છું.'

હિંદી ભાઈ—પણ 'ચાર્ટરે' શું બગાડયું?

ગાંધીજી— અરે 'ચાર્ટર' આવ્યો તેની સાથે સરકારનું બધું

આવ્યું. 'ચાર્ટર' છે માટેજ હિંદુ વિદ્યાપીઠ ડયુક ઑફ કૉનોટને માન આપશે. હું તે કેમ સાંખી શકું ? નહીં, હું તો ખરૂં કહું છું કે મિસિસ બેસંટ એકવાર કહેતા હતાં કે 'તું તો રાજ્ય વિપ્લવ-બળવો કરવા માગે છે તે વાત સાચી છે, માત્ર તે વિપ્લવ કેવળ revolution નહીં, પણ વિકાસક્રમને અનુસરી થતો (evolutionary revolution) વિપ્લવ હોવો જોઇએ. બાકી વિપ્લવ તો થવોજ જોઇએ એમ મને લાગે છે. તે વિના છુટકો નથી. જુઓતે સરકારનાં તો ભવન ફરી ગયાં છે? પેલી છેલ્લી નિર્લજ જાહેર ઘોષણા બહાર પાડી તે જુઓ. તેમાં મોટાં મોટાં વાક્યજાળ રચી કહે છે કે હાલ તો અમે છાપાંઓને છુટ આપી છે; અમે કોઈની જીભ બંધ નથી કરવાના. છતા તેઓ શું કરી રહ્યા છે ? પંજાબના શાંત કામ કરનાર આગા સફદરને મોઢે શું કામ તાળાં માર્યા ? તેમનામાં ધર્માંધતા જેવી વસ્તુ નથી, તેઓના જેવા શાંત કામ કરનાર મેં પંજાબમાં જોયા નથી. વળી પેલેજ દહાડે 'સર્વન્ટ' વર્તમાન પત્રના બાબુ શ્યામસુંદર ચક્રવર્તીએ મને કહ્યું કે તેમને એક 'ચેતવણી' સરકાર

તરફથી મળીછે. શા માટે ? તો રા. રાજગો-
પાલાચાર્યનો 'મતદારોને સૂચના' નામનો
એક લેખ યંગ ઇન્ડિયામાં આવેલો તે તેમણે
છાપ્યો તે માટે ! આ સ્થિતિ અસહ્ય છે.

અદાલતો અને કજીઆ કેમ ઓછા કરશું ?

હિંદી ભાઈ—હવે અદાલતો તરફ વળીએ. અદાલતો છો-
ડાવી, વકીલોને વકીલાત બંધ કરાવી, તમે શું
કરવા માગો છો ?

ગાંધીજી—સરકારની પ્રતિષ્ઠા તોડવા માગું છું. આ અદા-
લતો, કાઉન્સિલો, અને શાળાઓ સરકારની
પ્રતિષ્ઠાનો પાયો મજબુત કરનારીં એ વસ્તુઓ
છે. લોકોને આ વડેજ સરકારે મોહજાળમાં
ફસાવી રાખ્યા છે.

હિંદી ભાઈ—ત્યારે કજીઆઓ શી રીતે પતશે ?

ગાંધીજી—મારો અનુભવ તમને કહું ? મારી વકીલાત દર-
મ્યાન ૭૫ ટકા કેસો મેં ઘરમેળે પતાવેલા અને
ઘર મેળે પતાવવામાં હું તો એક 'એક્સપર્ટ'
ગણાતો હતો. નિષ્પક્ષતા માટે ત્યાં હું પ્રખ્યાત
થયો હતો. એટલે મારા તરફથી કોઇ પણ
સામાપક્ષવાળાને નોટિસ મળે કે તરતજ તે
મારી પાસે આવતો અને પતાવટ કરવાને મા-
ગણી કરતો. એટલે ઘણા જણાઓને બે સોલિ-

સ્ટરો રાખવા પડતા. મારી પાસે ન ફાવે એ-ટલે તેઓ લડવા માટે બીજા સોલિસિટર પાસે જતા. હું તો માત્ર સ્વચ્છ કેસોજ લેતો.

અંગ્રેજ ભાઈ—આવી રીતે વિશ્વાસથી કામ કરનારા પક્ષ-કારો ઘણા આવે એમ તમને લાગે છે ?

ગાંધીજી—૫૦ ટકા પક્ષકારો અદાલતો છોડશે એટલે ૫૦ ટકા કેસો ઓછા થવાના. ૫૦ કેસો તો કજી-આદલાલોજ ઉત્પન્ન કરી રહ્યા છે એમ મેં સાંભળ્યું છે. કલકત્તામાં એમ નથી એવું મિ. દાસ કહેતા હતા. પણ બીજાઓએ કહ્યું કે મિ. દાસને તે વિષે અનુભવ નથી.

એક કલકત્તાના વકીલ બારીમાંથી સાંભળ્યાં કરતાં હતા તે બોલી પડયા: 'મુફસ્સિલ' તો 'ટાઉટ' (કજીઆદલાલો) થી ભરેલી છે. ત્યાંના ૫૦ ટકા કેસો તેમનાજ બનાવેલા હોય છે એમ હું સાક્ષી પૂરૂં છું.

હિંદી ભાઇ—હશે, પણ હું શહેરની વાત કરૂં છું બંગાળ ચેંબર ઑફ કૉમર્સે એક આર્બિટ્રેશન ટ્રિબ્યુ-નલ' સ્થાપી છે, ચેમ્બર પ્રતિષ્ઠાવાન કહેવાય છે, છતાં વેપારીઓના કજીઆ અદાલતમાં જ-તા ઓછા નથી થયા.

ગાંધીજી—હોય, કારણ વકીલો ઓછા નથી થયા.

હિંદી ભાઈ—એકાદ જણ વકીલાત છોડશે તેનો શી અસર થવાની ?

ગાંધીજી—પ્રમાણમાં તો અસર થવાની જ. પંડિત મોતિલાલ નેહરૂએ વકીલાત છોડયાથી સરકારની પ્રતિષ્ઠાની તુટી પડતી ઇમારતને એક વધારે ધક્કો લાગ્યો છે એમ હું જરૂર કહીશ. સર હારકોર્ટ બટલરને પૂછો.

અંગ્રેજ ભાઈ—તમે પક્ષકારોને પણ અદાલતોમાં જતા અટકાવી રહ્યા છો ખરા ને ?

ગાંધીજી—હા.

અંગ્રેજ ભાઈ—પણ એમ કેમ થશે ? તમારામાં તો તેમને વિશ્વાસ હતો. તમે તો જેઓ સાફદિલ અને પાક હાથે તમારી પાસે આવતા તેમનુંજ કામ કરી આપી શકતા હતા. નાપાક હાથે જેઓ આવે તેનો તો તમે પણ ભાવ ન પૂછતા. આવા નાપાક હાથવાળાઓનું તમે શું કરશો ? એવા કેસો તો ભાગ્યે જ આવવાના કે જેમાં બંને પક્ષકારો સાફ દિલ અને પાક હાથવાળા હોય.

ગાંધીજી—ત્યારે નાપાકોની બધાની હું બેધડક સરકારને ભેટ કરીશ.

બંનેજણા તરફથી હિંદી ભાઈ—અમે તમારી સાથે લડવા

નથી આવ્યા, સમજવાજ આવ્યા છીએ એમ તો આપ જાણો છો ને ? હવે એકજ સવાલ પુછીએ. તમારા અનુયાયીઓ છે તેમનો અસહકાર તો વેર અને તિરસ્કાર ઉપર ખડો થએલો છે એ ખરૂં કે નહીં ?

ગાંધીજી—હા, મને મદ્રાસથી એક અંગ્રેજભાઇએ પણ આ બાબતમાં લખ્યું છે.

બીજા સાથી કયાંથી કાઢું

અંગ્રેજ ભાઈ—હું તમારો સિદ્ધાન્ત સમજું છું; પણ તમારા અનુયાયીઓની જબાનમાં તો નર્યું ઝેર વર્ષે છે.

ગાંધીજી—હા, હા, પણ મારૂં કહેવું તો એ છે કે કોઈ ઉદાત્ત કામ પ્રીતિથી કે અપ્રિતિથી કરો,—તેનું ફળ આવ્યા વિના રહેતું નથી. સત્ય બ્હીકથી બોલાય કે સમજપુર્વક બોલાય તોપણ તેથી સત્યનું ફળ આવ્યા વિના રહે ?

હિંદી ભાઇ—તમારો સિદ્ધાન્ત 'પાપને તિરસ્કારો, પણ પાપીને તિરસ્કારો નહીં' એ છે. ત્યારે તમારા અનુયાયીઓનો સિદ્ધાન્ત તો આથી ઉંધો લાગે છે-પાપીને તિરસ્કારશે, પાપને તિરસ્કારવાની જરૂર નથી' એવો.

ગાંધીજી—તમે અન્યાય નથી કરતા ? કેટલાક પાપ અને પાપી બંનેને તિરસ્કારે છે. પાપને તિરસ્કારે

છે એટલેજ તો તેઓ આટલો ત્યાગ કરી રહ્યા છે ભારે ભારે ભોગો આપવાને તૈયાર થયાછે. કેવળ પાપીને તિરસ્કાર કરનારથી આટલા ભોગો અપાય ? કોઈ કાળે નહીં.

અંગ્રેજ ભાઇ—પણ તમારો મૂળ સિદ્ધાંતતો પાપીઓની સાથે ન ભળવાનો છે તો પછી તમે નાપાક સાથીઓ સાથે કેમ કામ કરી શકો તમારા જેવી ઉંચી કક્ષાએ ઉભા રહીને કાર્ય કરનાર પુરૂષ મલિન હથિઆરો વડે કામ કેમ લે ?

ગાંધીજી—તેમે સરકારની નાપાકતા અને સાથીઓની અપૂર્ણતાની સરખામણી કરશો ? તમે જરા વધારે વિચાર કરી જુઓ તોસમજસો. કોઇ પણ સુધારક—હું સુધારક છું— પોતાને મળે તેવાં હથિઆરોથી કામ લેવાને બંધાયલો છે—મલીન હથીઆરો નહીં, પણ અધુરા હથિઆરો કહો.

હિંદી ભાઈ (ઉઠતાં ઉઠતાં)—આપને આજે બહુ તસ્દી આપી; માફ કરશો. હું અત્યાર સુધી 'અસહકાર' સાથે હું લઢી રહ્યો હતો તે તમારી પાસે આજે સમજ્યો તે 'અસહકાર' નહી અમે બંને તમારા આભારી છીએ.

મહાદેવ હરિભાઇ દેસાઇ.
